# રીક્ષામાં બેસાડી પેસેન્જરોના મોબાઇલ ફોન તથા પર્સ કાઢી લઇ ચોરી કરતી ગેંગને ઝડપી પાડતી સુરત શહેર ક્રાઇમ બ્રાંચ

તા.૨૭/૦૭/૨૦૧૭ ના કલાક ૧૧:૦૦ વાગ્યેના સમયે ગુજરાત ગેસ સર્કલથી ભુલકા ભવન જતા રીક્ષામાં જતા દરમ્યાન ફરીયાદી પ્રવિણભાઇ શંભુભાઇ કોઇરાલાનાઓ ઓટો રીક્ષામાં બેસી પોતાના કામે જવા માટે નીકળેલા તે દરમ્યાન ચાલુ રીક્ષાએ એક ઓટો રીક્ષા ચાલક તથા તેમા પાછળ બેસેલ ત્રણ અજાણ્યા ઈસમોએ ફરીયાદીને રીક્ષામાં ભીડ વધુ હોય આગળ પાછળ બેસો તેમ કહી તેમના પેન્ટના ખિસ્સામાંથી એક સેમસંગ કંપનીનો ગેલેક્ષી જે-૭ મોબાઇલ કિંમત `.૫૦૦૦/- ની મતાનો ચોરી કરી ફરીયાદીને રીક્ષામાંથી નીચે ઉતારી મુકી નાસી ગયેલ હોવા અંગેની ફરીયાદ અડાજણ પો.સ્ટે. I ગુ.ર.નં.૧૧૬/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો તા.૨૯/૦૭/૨૦૧૭ ના રોજ નોધાયેલ હોય જેથી ડી.સી.બી પો.સ્ટે.ના પોલીસ કર્મચારીઓ માનદરવાજા ટેનામેન્ટ પાછળ જાહેર રોડ ઉપર ઓટો રિક્ષા રોકી, રીક્ષા નં. GJ-05-BV-0887 માં રીક્ષા ચાલક (૧) ઝહીરખાન શબ્બીરખાન સૈયદ ઉ.વ. ૨૬ રહે. પ્લોટ નંબર ૧૯૮, સંજર-૧, સોસાયટી, ઉનગામ, સુરત મુળ રહે. નારાયણપુર થાના નારાયણપુર જી.ઓરૈયા (યુ.પી.) (૨) આરીફ શકીલ મનીયાર ઉ.વ. ૨૬ રહે. ઘર નં. ૧૬૧/૧, રઝાનગર ઝુપડપટ્ટી, મસ્જીદની લાઇનમાં, ભાઠેના, સુરત મુળ રહે. શિવાજી નગર રેલ્વે સ્ટેશનની બાજુમાં, જલગાંવ (મહારાષ્ટ્ર) (૩) ઇમરાન શેખ સમીર શેખ ઉ.વ. ૨૦ રહે. સાંઇબાબા નગર ઝુપડપટ્ટી શાલીમાર સોસાયટીની સામે, ઉન પાટીયા સુરતનાઓને કાળા કલરનો સેમસંગ ગેલેક્ષી જે-૭, મોબાઇલ ફોન કિંમત `.૫૦૦૦/- સાથે ઝડપી પાડેલ છે.